પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૨૩૫, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૯-૦૫-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 235 PRICE :-RS. 1.50 DATE : 29-05-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### મુખ્યમંત્રી દ્વારા ૫ શિક્ષકોને ભલામણ પત્ર અને નિમણૂક હુકમો આપવામાં આવશે

# રાજ્યની ગ્રાન્ટેડ સ્કૂલના શિક્ષકોને ૧ જૂને ડ્રાઈવ થ્રૂ પદ્ધતિથી અપાશે નિમણૂક હુકમો

ગાંધીનગર,

રાજ્યની ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૨૩૯૮ શિક્ષકોને નિમણૂક અપાશે. આ માટે ૧ જૂનના રોજ શિક્ષકોને ભલામણ પત્ર અને નિમણૂક હુકમો અપાશે, તેવી માહિતી પ્રાપ્ત થઈ રહી છે. કોવિડ-૧૯ના પગલે શિક્ષકોને ડ્રાઈવ થ્રૂ પદ્ધતિથી નિમણૂક હુકમ આપવાની કાર્યવાહી કરવામાં આવશે. ૧ જૂનના રોજ મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા ૫ શિક્ષકોને



ભલામણ પત્ર અને નિમણૂક હુકમો આપવામાં આવશે. જેનું યૂટ્યૂબ ચેનલ પર લાઈવ પ્રસારણ કરવામાં આવશે. આ જ દિવસે તમામ જિલ્લા મથકે કલેક્ટર કચેરીમાં ૨૦ ઉમેદવારોને પણ હુકમો અપાશે.

પ્રાપ્ત થયેલી માહિતી પ્રમાણે, રાજ્યની બિન સરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની ભરતી અંતર્ગત ઉમેદવારોને ઓનલાઈન શાળા ફાળણી પત્રો ઉમેદવારોને ૨૭ મે ૨૦૨૧થી ૧ જૂન ૨૦૨૧ સુધી ડાઉનલોડ કરી જિલ્લા મથકે ભલામણ પત્ર અને નિમણૂક હુકમ મેળવવા માટે ૧ જૂનના રોજ ઉપસ્થિત રહેશે. આ માટે ઉમેદવારોને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

શાળા ફાળવણી પામેલા ૨૯૩૮ ઉમેદવારો પૈકી પ્રતિનિધિ રૂપે ગાંધીનગર જિલ્લામાં પસંદગી પામેલા ઉમેદવારો પૈકી ૫ ઉમેદવારોને મુખ્યમંત્રીના હસ્તે નિમણૂક હુકમ એનાયત કરવામાં આવશે. ઉપરાંત નવ નિયુક્ત શિક્ષકોને મુખ્યમંત્રી સંબોધન કરશે અને તેનું લાઈવ પ્રસારણ યૂટ્યૂબના માધ્યમથી કરવામાં આવશે. આ પ્રસારણ તમામ ઉમેદવારો ઓનલાઈન માધ્યમથી નિહાળે તે માટે સૂચના અપાઈ છે.

દરેક જિલ્લા મથકે કલેક્ટર કચેરી ખાતે જિલ્લાને ફાળવાયેલા ઉમેદવારો પૈકી ૨૦ ઉમેદવારોને વિડીયો કોન્ફરન્સ રૂમમાં હાજર રાખવાના રહેશે. ત્યારબાદ મુખ્યમંત્રીના કાર્યક્રમ વખતે આ ૨૦ ઉમેદવારોને ભલામણ પત્ર અને નિમણૂક હુકમ એનાયત કરવાના રહેશે. જિલ્લામાં શાળા ફાળવણી પામેલા ઉમેદવારોને તેમને ફાળવાયેલી શાળાના ભલામણ પત્ર તેમજ નિમણૂક હુકમ આપવાની કાર્યવાહી ડ્રાઈવ થ્રૂ પદ્ધતિ કરવાની રહેશે.

## રાજ્યમાં ૧૦ જિલ્લાઓમાં નવા સાયબર પોલીસ સ્ટેશનને મંજૂરી

ગાંધીનગર,

આજે આખા વિશ્વમાં "ડીજિટલ ક્રાંતિ" ફેલાઈ રહી છે ત્યારે ગુજરાત રાજ્ય આ બાબતે ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે. અત્યારે નાગરિકો કોરોના મહામારીના કારણે ઓનલાઈન શોપિંગ, રિચાર્જ, નાણાંની ચૂકવણી, ઈ-મિટિંગો, વેબિનાર જેવી ડિજિટલ સેવાનો લાભ લઈ રહ્યા છે. જે ટેકનોલોજીનો સદુપયોગ છે. પરંતુ કેટલાક સાયબર ક્રિમિનલ્સ દ્વારા આ જ ટેકનોલોજીનો દુરુપયોગ કરી લોકો સાથે છેતરપિંડી પણ થઈ રહી છે. આથી સાયબર સુરક્ષાને લગતા પડકારો સામે આવી રહ્યા છે. આવા વ્યક્તિઓ સામે કાનૂની કાર્યવાહી કરવા માટે પણ પોલીસ સજાગ છે.

ગૃહરાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે જિલ્લા કક્ષાએ પણ સાયબર પોલીસ સ્ટેશનનો શરૂ કરવા માટે સાણંદ, સાબરકાંઠા, મહેસાણા, ભરૂચ, વલસાડ, જામનગર, પોરબંદર, અમરેલી, કચ્છ-પૂર્વ (ગાંધીધામ) અને બનાસકાંઠા એમ કુલ ૧૦ જિલ્લાઓમાં પણ સાઈબર પોલીસ સ્ટેશન મંજૂર કરાયા છે. આ નિર્ણયથી સાઈબર ક્રાઈમના ગુનાઓ અટકશે.

ગૃહમંત્રી જાડેજાએ વધુમાં ઉમેર્યું હતું કે, સાઈબર ક્રાઈમને સંબંધિત ગુનાઓને રોકવા અને આ ગુનાઓને ઉકેલવા માટે રાજ્ય કક્ષાએ સીઆઈડી ક્રાઈમની કચેરીઓમાં કાર્યરત સ્ટેટ સાયબર સેલ હસ્તક ૧ સાઈબર પોલીસ સ્ટેશન કાર્યરત છે. જ્યારે અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં પણ સાઈબર પોલીસ સ્ટેશન શરૂ કરાયા છે.

રાજ્યની ૯ રેન્જ, ગાંધીનગર, રાજકોટ, ભાવનગર, બોર્ડર રેન્જ, સુરત, વડોદરા, પંચમહાલ-ગોધરા, અમદાવાદ અને જુનાગઢ ખાતે પણ સાઈબર પોલીસ સ્ટેશન કાર્યરત કરાયા છે. સાયબર ક્રાઈમનો ભોગ બનેલા ૮,૩૨૭૮ નાગરિકોના રૂપિયા ૧૮.૧૧ કરોડ જેટલી રકમ ભોગ બનનારના ખાતામાં પરત જમાં કરાવવામાં સાયબર ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદને સફળતા મળી છે.

## તૌઉ-તે વાવાઝોડા બાદ તારાજી સંદર્ભે અમરેલી જિલ્લામાં કેન્દ્રીય ટીમોએ સર્વે કર્યો

અમરેલી,

તાઉ-તે વાવાઝોડાની તારાજી બાદ દરિયાકાંઠે ભારે વ્યાપક નુકસાન ગયું છે અને વિનાશ સર્જાયો છે. અહીં ગ્રામ્ય વિસ્તાર અને માછીમારોને વ્યાપક નુકસાન જતા રાજય સરકારના સચિવો બાદ આજે કેન્દ્રીય ટીમો નો મોટો કાફલો આજે અસરગ્રસ્ત વિસ્તારમાં સર્વે કર્યો હતો.

રાજુલાના કોવાયા ગામની મુલાકાત લીઈ સ્થાનીક ખેડૂતો સાથે ચર્ચાઓ કરી હતી, ત્યારબાદ જાફરાબાદ બંદર પર માછીમારોને થયેલા નુકસાન અંગે જાત નિરીક્ષણ કર્યું હતુ અને ત્યારબાદ જાફરાબાદના ધારાબંદર ગામની મુલાકાત લીધી હતી અને સ્થાનિક કલેકટર આયુષ ઓક દ્વારા રાતે સર્જાયેલી તારાજી કેવી રીતે સર્જાય તેને લઈ માહિતી આપી હતી. બોટોને કેવા પ્રકારનુ નુકસાન ગયુ છે તેને લઈ કેન્દ્રીય ટીમોને સમગ્ર ઘટનાઓથી વાકેફ કર્યા હતા.

ગુજરાત અને કેન્દ્રીય ટીમો સાથે આવીગુજરાત ફિશરીઝ કમિશ્નર સહિત ગુજરાત સરકારના સચિવો પણ જોડાયા હતા અને કેન્દ્રીય ઉચ્ચ અધિકારીઓ ની ટીમનો કાફલો એક સાથે બંદર પર સર્વે કર્યો હતો. ઉપરાંત કેટલાક સ્થાનિક અધિકારી પાસેથી કેટલીક માહિતી મેળવી હતી.

## GTUની ઓનલાઈન પરીક્ષાઓ હવે ૩જી જૂનથી લેવાશે, કાર્યક્રમ જાહેર કરાયો

અમદાવાદ,

તાઉ તે વાવાઝોડાના પગલે ઈન્ટરનેટ અને ઈલેક્ટ્રિક સેવા ખોરવાંતા ગુજરાત ટેક્નોલોજી યુનિવર્સિટી દ્વારા તમામ ઓનલાઈન પરીક્ષાઓ મોકૂફ કરવામાં આવી હતી. મોકૂફ કરેલી વિન્ટર અને સમર સેમેસ્ટરની વિવિધ કોર્શની એમસીક્યુ આધારીત ઓનલાઈન ટ્રાયલ ટેસ્ટ અને ફાઈનલ પરીક્ષાઓ હવે ત્રીજી જુનથી શરૂ થશે.



ડિગ્રી ડિપ્લોમાં ઈજનેરી, ડિપ્લોમાં ફાર્મસી, એમબીએ, એમઈની ઓનલાઈન પરીક્ષાઓ મોકુફ કરવામાં આવી હતી. હવે જીટીયુ દ્વારા જાહેર કરેલ કાર્યક્રમ મુજબ ડિપ્લોમાં ઈજનેરી અને આર્કિટેકની સમર સેમેસ્ટરની રેગ્યુલર રીમીડિયલ માટેની પ્રી ચેક ટ્રાયલ ટેસ્ટ ૩ જૂને બપોરે ૩થી ૪ દરમિયાન લેવાશે.

ડિપ્લોમાં ઈજનેરી સેમ.૮ અને સેમ.૬ની રેગ્યુલર અને ટર્મ એક્સટેન્સનની ટ્રાયલ ટેસ્ટ તથા ડિપ્લોમાં આર્કિટેક્ચર અને વોકેશનલની સેમ.૬ની ટ્રાયલ ટેસ્ટ ૩ જુને બપોરે ૩થી ૪માં જ લેવાશે. એમ.ઈ.સેમ.૧ની વિન્ટર પરીક્ષામાં રેગ્યુલર વિદ્યાર્થીઓ માટેની ૨૪મી મેની પરીક્ષા ૩ જુને અને ૨૫મી મેની પરીક્ષા ૪ જુને લેવાશે.

## ૭મી જૂનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશેઃ શિક્ષકોને બાયસેગ મારફતે તાલીમ અપાશે

ગાંધીનગર,

આગામી નવા શૈક્ષણિક સત્ર ૨૦૨૧ -૨૨નો પ્રારંભ ૭મી જુન થી થશે. નવા શૈક્ષણિક સત્રની શરૂઆતમાં પ્રથમ મહિનો જ્ઞાનસેતુ સાહિત્યનું અધ્યન કાર્ય અને બ્રીજ કોર્સ ક્લાસ રેડીનેશન અંતર્ગત કરવાનો નિર્ણય રાજયના શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવ્યો છે.આ માટે શિક્ષકોને આગામી તારીખ ૭ જૂનથી ૯ જૂન દરમિયાન બાયસેગના માધ્યમથી વિશેષ તાલીમ આપવામાં આવશે. જેનું પ્રસારણ ગુજરાતી ચેનલ ડીડી ગિરનાર, વંદે ગુજરાત ચેનલ, ગુજરાત વર્ચ્યુઅલ ક્લાસ, હોમ લરનિગ ,યુ ટ્યુબ અને વોટસએપ્રા માધ્યમથી કરવામાં આવશે.

આ બ્રીજ કોર્સ માં ધોરણ ૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓ માટે બ્રીજ કોર્સ ચલાવવામાં આવશે જેમાં ધોરણ ૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓ માટે વિશે સમજ પુનરાવર્તન અને મહાવરો કરાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ધોરણ ૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓ માટે આ અંગેનું ખાસ સાહિત્ય બનાવીને દરેક શાળાઓને વેકેશનમાં પહોંચતું કરી દેવામાં આવ્યું છે.

નવા શૈક્ષણિક સત્રાની શરૂઆત જ શિક્ષકોને તારીખ ૭ ,૮ અને ૯ જૂન ત્રણ દિવસ બ્રીજ કોર્સ અંગેની જરૂરી તાલીમ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે બાયસેગના માધ્યમથી અપાનારી આ તાલીમ નું જીવંત પ્રસારણ ડીડી ગિરનાર વંદે ગુજરાત ગુજરાત ફોર્ચ્યુન ક્લાસ સહિતના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કરવામાં આવશે.

બ્રિજ કોર્સ મુખ્ય ઉદ્દેશ ધોરણ એક ના વિદ્યાર્થીઓ માટે વાલી મોટા ભાઈ કે બહેન કે શિક્ષકની મદદથી અધ્યન કાર્ય કરાવી શકાય તેનો છે ધોરણ ૧થી ૫ માટે લેખન કાર્ય કરાવાશે. ધોરણ ૬ થી ૧૦ ના વિદ્યાર્થીઓ માટે અલગથી નોટબુક બનાવવાની રહેશે. બુક ની ચકાસણી બાદ જ શિક્ષકો વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપશે.

## રાહતઃ દેશમાં ૪૪ દિવસ બાદ કોરોનાના સૌથી ઓછા કેસ નોંધાયા

ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોના વાયરસના દૈનિક આંકડાઓમાં ઘટાડો ચાલુ છે. શુક્રવારે(૨૮ મે) છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૧,૮૬,૩૬૪ નવા કેસ સામે આવ્યા છે જે દેશમાં ૪૪ દિવસો બાદ કોવિડ-૧૯ના સૌથી ઓછા નવા કેસ સામે આવ્યા. વળી, છેલ્લા ૨૪ કલાકમાં ૨,૫૯,૪૫૯ કોવિડ-૧૯થી રિકવર થઈ ગયા છે. આ દરમિયાન કોરોનાથી થઈ રહેલ મોતના કેસોમાં કોઈ ઘટાડો થયો નથી. છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ-૧૯થી ૩૬૬૦ લોકોના મોત થા છે. દેશમાં કોરોનાથી અત્યાર સુધી ૩,૧૮,૮૯૫ લોકોના મોત થયા છે.




છેલ્લા ૨૪ કલાકમાં સક્રિય કેસોની સંખ્યામાં ૭૬,૭૫૫ની કમી થઈ છે. ત્યારબાદ દેશમાં હવે કોરોના સક્રિય કેસોની કુલ સંખ્યા ૨૩,૪૩,૧૫૨ થઈ ગઈ છે. દેશમાં કોરોનાથી અત્યાર સુધી ૨,૪૮,૯૩,૪૧૦ દર્દી રિકવર થઈ ચૂક્યા છે. દેશમાં કુલ કોરોના પૉઝિટીવ કેસોની સંખ્યા ૨,૭૫,૫૫,૪૫૭ થઈ ગઈ છે.

કેન્દ્રીય આરોગ્ય તેમજ પરિવાર કલ્યાણ મંત્રાલયે જણાવ્યુ છે કે દેશમાં રિકવરી રેટ વધીને ૯૦.૩૪ ટકા થઈ ગયો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ સાપ્તાહિક પૉઝિટિવિટી રેટ વર્તમાનમાં ૧૦.૪૨ ટકા છે અને દૈનિક પૉઝિટિવિટી રેટ ૯.૦૦ ટકા છે. સતત ચાર દિવસથી કોવિડ-૧૯ પૉઝિટિવિટી રેટ ૧૦ ટકાથી ઓછો છે.

દેશમાં કોરોના વેક્સીનેશન અભિયાન હેઠળ અત્યાર સુધી ૨૦,૫૭,૨૦,૬૬૦ લોકોને કોરોના વાયરસની વેક્સીન લગાવવામાં આવી છે. વળી, છેલ્લા ૨૪ કલાકમાં ૨૯,૧૯,૬૯૯ લોકોને કોવિડ-૧૯ની વેક્સીન લાગી છે. ભારતીય ચિકિત્સા અનુસંધાન પરિષદ (આઈસીએમઆર)ના જણાવ્યા મુજબ દેશમાં અત્યાર સુધી ૩૩,૯૦,૩૯,૮૬૧ લોકોનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો છે. જેમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૦,૭૦,૫૦૮ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

ગૃહ મંત્રાલેય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કોવિડ-૧૯ના હાલના દિશા-નિર્દેશોને ૩૦ જૂન સુધી ચાલુ રાખવાનો આદેશ આપતા તેમણે કહ્યું કે જે જિલ્લાઓમાં કોરોના વાયરસના કેસની સંખ્યા વધુ છે ત્યાં નિયંત્રણના ઉપાય કરવામાં આવે.

એક નવા આદેશમાં કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લાએ કહ્યું કે નિયંત્રણના ઉપાયોને કડકાઈથી લાગૂ કરવાથી દક્ષિણ અને પૂર્વોત્તરના કેટલાંક વિસ્તારોને બાદ કરતાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં નવા અને સારવાર લેતા કેસમાં ઘટાડો આવ્યો. ભલ્લાએ કહ્યું કે હું એ વાત પર પ્રકાશ પાડવા માંગીશ કે ઘટાડાની પ્રવૃત્તિ છતાંય હાલમાં સારવાર લેતા કેસની સંખ્યા હજુ પણ ખૂબ વધુ છે. આ દ્રષ્ટિથી એ અગત્યનું છે કે નિયંત્રણના ઉપાયોને કડકાઈથી લાગૂ રાખવામાં આવે.

## મેહુલ ચોક્સીની સોંપણી પર ડોમિનિકાની કોર્ટનો સ્ટે-ઓર્ડર



રોસો,

કેરીબિયન સમુહના ટાપુઓમાંના એક, ડોમિનિકા ટાપુરાષ્ટ્રમાંની સુપ્રીમ કોર્ટે ભારતમાં જન્મેલા અને ભાગેડૂ જાહેર કરાયેલા હીરાના વેપારી મેહુલ ચોકસીનું ડોમિનિકામાંથી ભારતમાં પ્રત્યાર્પણ કરવાની કાર્યવાહી સામે મનાઈ હૂકમ આપ્યો છે. કોર્ટ ઓર્ડરમાં જણાવાયું છે કે, પ્રતિવાદીઓને આ ઓર્ડર ઈમેલ અને ફેક્સ તથા વ્યક્તિગત રીતે તાત્કાલિક રીતે મોકલવો. તેમજ ડગ્લાસ ચાર્લ્સ એરપોર્ટ ખાતેના ઈમિગ્રેશન વડાને પણ આ ઓર્ડર ઈમેલ તથા ફેક્સ દ્વારા મોકલી દેવો. કોર્ટ આ કેસમાં હવે પછીની સુનાવણી ૨૮ મેએ સ્થાનિક સમય મુજબ સવારે ૯ વાગ્યે કરશે.

ડોમિનિકામાં, ચોકસીના વકીલોએ કોર્ટમાં હેબીયસ કોર્પસ પીટિશન નોંધાવી હતી હતી. ચોક્સીના લીગલ કાઉન્સેલ વિજય અગ્રવાલ અને વકીલ વેન માર્શે એવો આક્ષેપ કર્યો હતો કે એમના અસીલ ચોક્સીને પોતાની રજૂઆત કરતા રોકવામાં આવ્યા છે. એમને કાનૂની અધિકારોથી વંચિત રાખવામાં આવ્યા છે અને એમને પોતાના વકીલોને મળવા દેવાતા નથી.

## દેશમાં એક પણ નેશનલ હાઈ-વેની આસપાસ સરખી રીતે વૃક્ષો કે ફૂલછોડ લગાવાયા નથીઃ ગડકરી



ન્યુ દિલ્હી,

નીતિન ગડકરીએ પોતાની જ સરકારની કામગીરી સામે ફરી બળાપો કાઢયો છે. આ વખતે મુદ્દો નેશનલ હાઈવેની આજુબાજુમાં ઉગાડાતા વૃક્ષ તથા ફૂલછોડનો છે. ગડકરીએ શુક્રવારે એક વર્ચ્યુઅલ કાર્યક્રમમાં બળાપો કાઢયો કે, દેશમાં એક પણ નેશનલ હાઈ-વેની બંને તરફ સરખી રીતે વૃક્ષો કે ફૂલછોડ નથી લગાવાયાં. ગડકરીએ કહ્યું કે, રોડ-રસ્તાના નિર્માણનો એક્સપર્ટ વૃક્ષો-ફૂલછોડનો એક્સપર્ટ કઈ રીતે હોઈ શકે એ મને સમજાતું નથી પણ અધિકારીઓ આ વાત સમજવા તૈયાર નથી. ગડકરીએ પીએમઓ પર કટાક્ષ પણ કર્યો કે, નોકરશાહી કશું પણ નવું સ્વીકારવા તૈયાર નથી હોતી તેથી દેશમાં 'હરિત પથ' કહેવાય એવો એક પણ નેશનલ હાઈવે નથી. સૂત્રોનું કહેવું છે કે, ગડકરીએ દરેક રાજ્યમાં નેશનલ હાઈવેની બંને તરફ વૃક્ષો લગાવવા માટે સ્થાનિક કૃષિ નિષ્ણાતોને નોકરીએ રાખવા માટે કોન્ટ્રાક્ટરોને આદેશ આપ્યો હતો. હાઈવેના કોન્ટ્રાક્ટ્સ મોટી મોટી કંપનીઓને મળે છે. તેમણે આ વાતનો વિરોધ કરીને પીએમઓ સમક્ષ ફરિયાદ કરી હતી. પીએમઓના અધિકારીઓએ આ દરખાસ્તને અવ્યવહારૂ ગણાવીને નકારી કાઢી તેનો ગડકરીને ગુસ્સો છે.

## ધો.૧૨ની બોર્ડ પરીક્ષા રદ કરવા માટેની અરજી પર સુપ્રિમમાં સુનાવણી ટળી

ન્યુ દિલ્હી,

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડે ધોરણ ૧૨ની બોર્ડ પરીક્ષા ૨૦૨૧ રદ કરવા માટે આવેલી અરજી પર સુનાવણી ટાળી છે. જે હવે આગામી સોમવારે એટલે કે, ૩૧ તારીખે સુનાવણી કરશે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ એએમ ખાનવિલકરની આગેવાનીવાલી બેંચે કહ્યુ હતું કે, સુનાવણી દરમિયાન આઈસીએસઈ અને સીબીએસઈના રિપ્રેંજેંટેશન હાજર



હોવા જોઈએ. સુપ્રીમ કોર્ટમાં શુક્રવારે એટલે કે આજે હાલની કોવિડ સ્થિતીને જોતા ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષાઓ રદ કરવાની માગવાળી અરજી પર સુનાવણી થવાની હતી. અરજીની સુનાવણી ન્યાયમૂર્તિ એ.એમ ખાનવિલકર અને ન્યાયમૂર્તિ દિનેશ માહેશ્વરીની અદાલતમાં સીબીએસઈ, સીઆઈએસસીઈ અને સરકારને એક વિશિષ્ઠ સમય મર્યાદાની અંદર ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓના પરિણામ જાહેર કરવા માટે ઓબ્જેક્ટિવ મેથડોલોજી તૈયાર કરવાનો નિર્દેશ આપવા ભલામણ કરી છે.

## રસીના બે ડોઝ બાદ એન્ટીબોડી ટેસ્ટ કરાવવાની જરુર નથીઃ નીતિ આયોગ સભ્ય

ન્યુ દિલ્હી,

નીતિ આયોગના સભ્ય વીકે પોલે કહ્યુ કે રસીના ૨ ડોઝ બાદ એન્ટીબોડી ટેસ્ટ કરાવવાની જરુર નથી. કેમ કે રોગ પ્રતિરોધક ક્ષમતાના એન્ટી બોડી એકમાત્ર માપદંડ નથી. અનેક રોગ પ્રતિરોધક ક્ષમતા બનાવે છે. જોકે જરુરી છે કે તમામ લોકો રસીને લઈને અને કોવિડ અનુરુપ વ્યવહાર બનાવી રાખે. કેમ કે આ બિમારીની વિરુદ્ધ પૂર્ણ સુરક્ષા નથી.




વીકે પોલે જણાવ્યુ કે દેશમાં આ અધ્યયન કરવામાં આવી રહ્યુ છે કે કોરોનાની રસીના બુસ્ટર ડોઝની જરુર છે કે નહીં. તેમણે ભાર આપ્યો છે કે કોઈ પણ રસી વાયરસના પુર્ણ રીતે સુરક્ષા આપી શકે નહીં.

યુપીના બે અલગ અલગ રસીના ડોઝ પર નીતિ આયોગે કહ્યુ કે પ્રોટોકોલના હિસાબે સજાગ રહેવું પડશે. પહેલો અને બીજો ડોઝ એક જ કંપનીની રસીનો હોય તે જોવુ. અને જો એવું થઈ જાય તો ચિંતા કરવાની જરુર નથી. કોઈ સિગ્નિફિકેન્ટ ઈશ્યુ ન થવો જોઈએ. વીકે પોલે આગળ કહ્યુ કે એમ પણ કહેવામાં આવે છે કે જો બદલીને રસી લગાવવામાં આવે તો ઈમ્યુનિટી વધારે હોય છે. હું એન્શ્યોર કરવા માંગુ છુ કે કોઈ ચિંતાની વાત નથી. પરંતુ વિકલ્પમાં હાલ અમે એવુ નથી જોઈ રહ્યા. એવી કોઈ રેકમેન્ડેશન ક્યાંયથી નથી આવી. કેટલાક દેશોમાં જે થયું તે ફક્ત ટ્રાયલ તરીકે થયુ. ટ્રાયલમાં જોવા મળી રહ્યુ છે કે મિસ્ક કરે તો શુ ફાયદો થાય છે?

ઉત્તર પ્રદેશની ઘટના પર ટિપ્પણી કરતા કહ્યુ કે ભલે આ થઈ ગયુ હોય પરંતુ વ્યક્તિએ ચિંતા કરવાની જરુર નથી. હું તમામ સ્વાસ્થ્ય કર્મીઓને આગ્રહ કરુ છુ કે બન્ને ડોઝ એક જ રસીના આપે. આ ઘટના ઉત્તર પ્રદેશના સિદ્ધાર્થનગર જિલ્લાની છે જ્યા સ્વાસ્થ્ય કર્મીઓએ ૨૦ ગ્રામીણોને કોવેક્સીનનો બીજો ડોઝ અલગ કંપનીની રસીનો આપ્યો હતો. પહેલો ડોઝ કોવિશીલ્ડનો હતો.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બારીઆ સુમિત્રાબેન છગનભાઈ

મુ. વેડ ફ. નાકટી, તા. ધાનપુર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

છરછોડવાલા મઝહરભાઈ તૈયબઅલી

મુ. રાછવા, તા. ધાનપુર

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

## મહીસાગર જિલ્લામાં આજે ૨૬ પોઝિટિવ કેસ :
# જિલ્લામાં કોરોનાના કુલ ૭૩૫૭ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.




મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાના-૦૧ સ્ત્રી અને ૦૫ પુરૂષના, ખાનપુર તાલુકાની- ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂના, લુણાવાડા તાલુકાના- ૦૩ સ્ત્રીના અને ૧૨ પુરૂષના અને વિરપુર તાલુકાના ૦૨ પુરૂષના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૮-૦૫-૨૦૨૧ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૭૩૫૭ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની-૦૭ સ્ત્રી, ૦૫ પુરૂષ, કડાણા તાલુકાની-૦૩ સ્ત્રી, ૦૪ પુરૂષ, ખાનપુર તાલુકાની-૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની-૦૭ સ્ત્રી, ૦૭ પુરૂષ, સંતરામપુર તાલુકાની-૦૫ સ્ત્રી, ૧૩ પુરૂષ અને વિરપુર તાલુકાની ૦૨ સ્ત્રી અને ૦૧ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ,

**મહીસાગરમાં આજે કોરોનાના કેસની સંખ્યા**

બાલાસીનોર-૦૬
ખાનપુર-૦૩
લુણાવાડા-૧૫
વિરપુર-૦૨

જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૬૮૩૭ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફ્લુ/ કોરોનાના કુલ ૨૪૦૮૮૭ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યકિતઓને હોમ કવૉરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૩ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા ખાતે, ૧૫૮ દર્દી હોમઆઈસોલેશનમાં, ૧૬ દર્દી એસ.ડી.એસ. સંતરામપુર ખાતે, ૪૫ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૨૧૫ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ, મહીસાગર ખાતે સારવાર હેઠળ છે.

કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૬૧ દર્દીઓ સ્ટેબલ, ૮૦ દર્દીઓ ઓકિસજન પર અને ૦૬ દર્દીઓ વેન્ટીલેટર પર છે.

## બાલાસીનોરમાં દિવસભર વીજ પુરવઠો બંધ રહેતા હોમકોરોન્ટાઈન અને ઓકિસજન લેતાં દર્દીઓની સ્થિતી ચિંતાજનક બની

બાલાસીનોર,
મહિસાગરના બાલાસીનોરમાં સવાર થી વીજ પુરવઠો બંધ રહેતા હોમકોરોન્ટાઈન રહી ઓકિસજન લેતાં દર્દીઓની સ્થિતી ચિંતાજનક બની હતી. મેન્ટેનન્સ કામગીરી પહેલા લોકોને જાણકારી નહિ આપતાં લોકો પરેશાનનો ભોગ બન્યા.

બાલાસીનોર એમ.જી.વી.સી.એલ. કંપની દ્વારા મેન્ટેનન્સ કામગીરીને લઈ વહેલી સવાર થી વીજ પુરવઠો બંધ કરી દીધો હતો. દિવસભર વિજળી ગુલ થવાને લઈ લોકો પરેશાન થયા હતા. કોરોનાકાળમાં કોવિડ દર્દીઓ હોમકોરોન્ટાઈન રહીને ઓકિસજન લેતા હોય તેવા દર્દીઓની વીજ પુરવઠો બંધ રહેતા સ્થિતી ચિંતાજનક બની હતી. વીજ કંપની દ્વારા મેન્ટેનન્સ કામગીરી પહેલા લોકોને વીજ પુરવઠો બંધ રાખવાની જાણ કરવામાં આવી હતી. તેમાં પણ વીજ કંપનીનો કમ્પ્લેઈન નંબર સતત વ્યસ્ત આવતાં લોકોને પરેશાન થવાનો વારો આવ્યો.

એમ.જી.વી.સી.એલ. દ્વારા મેન્ટેનન્સ કામ ચાલુ હોવાથી લોકોને પરેશાની થઈ છે. તેવો લુલો બચાર કરતાં જોવા મળ્યા હતા.

## સંતરામપુરમાં નકલી CID બનીને ફરતા ઝડપાયેલ ચાર વ્યકિતની પુછપરછમાં વધુ એક આરોપીનું નામ ખુલતા ઝડપ્યો




તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર તાલુકાના નગરી CID પોલીસ બનીને સંતરામપુર પોલીસે ચાર આરોપીને પકડી પાડ્યા હતા. રિમાન્ડ દરમિયાનમાં પૂછપરછમાં વધુ એક આરોપીનું નામ બહાર આવ્યું હતું. સંતરામપુર તાલુકાના મોલારા ગામેથી નકલી CID પોલીસ બનીને ઉઘરાણું કરવાનું અને લોકોને ડરાવીને પૈસા પાડવાનું કામ કરતાં સંતરામપુર પોલીસે ઝડપી પાડ્યા હતા અને આ ચારવાર ભાઈને કોર્ટમાં રજૂ કરતા ૭ દિવસનાં રિમાન્ડ આપ્યા હતા. રિમાન્ડ અને પૂછપરછ દરમિયાન ચાર-ચાર આરોપીને સઘન પૂછપરછ કરવામાં આવેલી હતી અને વધુ એક આરોપ નામ ખૂલ્યું હતું. સંતરામપુર તાલુકાના લીમડી ગામના આરોપી હર્ષદભાઈ બળવંતભાઈ ડામોરનું બહાર નામ જાહેર થયું હતું. સંતરામપુર પોલીસ પીએસઆઈ બી.એચ.રાઠોડ પૂછપરછ દરમિયાનમાં આરોપીનું નામ બહાર આવ્યું હતું. સંતરામપુર તાલુકાના લીમડી ગામના હર્ષદભાઈ બળવંતભાઈ ડામોર અને હાલ વડોદરા ખાતે પાદરા તાલુકાના એલેમ્બિક કંપનીમાં સિક્યુરિટી ઓફિસર તરીકે ફરજ બજાવે જાણ થતાં તાત્કાલિક



પી.એસ.આઇ બરોડા થી આરોપોની તપાસ કરીને અટકાયત કરી હતી અને તેની પાસેથી નકલી CIDનું કાર્ડ પણ જ કર્યું હતું અને કોર્ટમા નામદાર કોર્ટમાંથી રિમાન્ડ માંગતા ત્રણ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. હજુ સંતરામપુર પોલીસ સઘન તપાસ કરી રહી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૨૯-૦૫-૨૦૨૧, શનિવાર, વૈશાખ વદ-૩, સૂર્યોદય-૫-૨૪, સૂર્યાસ્ત-૭-૧૨, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : ધન (ભ.ફ.ધ.ઢ.), નક્ષત્ર: પૂર્વાષાઢા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | -શુભચોઘડીયા-<br>અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થીશુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થીચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થીલાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થીશુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

## કોરોના કેસ ઘટતા જ કેજરીવાલે દિલ્હીમાં અનલોકની જાહેરાત કરી: કન્સ્ટ્રક્શન સાઈટ, ફેક્ટરીઓ ખૂલશે



ન્યુ દિલ્હી,
દેશની રાજધાની દિલ્હીમાં કોરોનાના ઘટી રહેલા કેસને ધ્યાનમાં રાખીને લોકડાઉન હટાવવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે શુક્રવારે દિલ્હીમાં અનલોકની પ્રક્રિયા શરૂ કરવાની જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું કે, ભારે મહેનતથી કોરોનાને કાબૂમાં લેવામાં આવ્યો છે પરંતુ હજુ સંપૂર્ણ લડાઈ નથી જીતી શકાઈ.

મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જણાવ્યું કે, અમે દિલ્હીમાં ધીમે-ધીમે લોકડાઉન ખોલીશું. સૌથી પહેલા એ લોકોનું ધ્યાન રાખવાનું છે જે સમાજનો સૌથી ગરીબ વર્ગ છે, મજૂર છે, પ્રવાસી છે. આજે લેવાયેલા નિર્ણય પ્રમાણે સોમવારથી કંસ્ટ્રક્શન અને ફેકટરીઓની ગતિવિધિ શરૂ કરવામાં આવશે. આગામી એક સપ્તાહ માટે આ બંને સેકટર્સ ખુલ્લા રહેશે.

સીએમ કેજરીવાલના કહેવા પ્રમાણે તેઓ પ્રતિ સપ્તાહ જનતાના સૂચનો અને એક્સપટ્ર્સના મંતવ્ય પ્રમાણે અનલોકની પ્રક્રિયા શરૂ કરશે પરંતુ શરત એ છે કે જો કોરોના વધવા લાગશે તો અનલોકની પ્રક્રિયા રોકવામાં આવશે. સાથે જ તેમણે લોકોને કોરોના સંબંધી ગાઈડલાઈન્સનું પાલન કરવા માટે વિનંતી કરી હતી.

દિલ્હીવાસીઓને વિનંતી કરતા કેજરીવાલે કહ્યું કે તમામ લોકોની મદદની જરૂર છે. જો નિયમ પાલન કરશો તો જ દિલ્હીમાં તમામ આર્થિક ગતિવિધિઓ ખુલી શકશે. જો કોરોના ફરી વધવા લાગશે તો ફરી લોકડાઉન લાગુ કરવું પડશે. અમે નથી ઈચ્છતા કે ફરી લોકડાઉન લાગુ કરવું પડે, તે કોઈ સારી વાત નથી.

તેમણે આ સમય ખૂબ જ નાજુક હોવાથી લોકોને જરૂર ન હોય ત્યાં સુધી ઘરની બહાર ન નીકળવા અને ગંભીરતાપૂર્વક આચરણ કરવા જણાવ્યું હતું જેથી બધા સાથે મળીને દિલ્હી અને દેશને બચાવી શકીએ. તેમના કહેવા પ્રમાણે એકદમ કોરોના ગાઈડલાઈનનું ઉલ્લંઘન ન શરૂ કરવું જોઈએ અને જરૂર ન હોય ત્યાં સુધી ઘરની બહાર પણ ન નીકળવું જોઈએ.

## દૈનિક રાશીફળ

**તા.૨૯.૦૫.૨૦૨૧ શનિવાર**

મેષ (અ.લ.ઈ.):- તમારા નકારાત્મક વિચારો માનસિક બીમારીનું સ્વરૂપ લઈ લે તે પૂર્વે જ તમારે તેમનો નાશ કરવો જોઈએ. તમને સંપૂર્ણ માનસિક સંતોષ આપે એવી કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઈને તમે તેમનાથી મુક્તિ પામી શકો છો. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે.

વૃષભ(બ.વ.ઉ.):- તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે

મિથુન(ક.છ.ઘ.):- તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો.

કર્ક(ડ.હ.):- સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો

સિંહ(મ.ટ.):- દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો। આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે। તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. તમારા પરિવારને યોગ્ય સમય આપો.

કન્યા(પ.ઠ.ણ.):- ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. જો સંવાદ અને ચર્ચાથી કામ નહીં થાય-એનાથી તમને ગુસ્સો આવશે અને તમે કશુંક એવું બોલી જશે- જેની માટે તમને પછીથી પસ્તાવો થશે- આથી બોલતા પહેલા વિચારજો.

તુલા(ર.ત.):- આનંદમય દિવસ માટે માનસિક તાણ અને તણાવ ટાળો. તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો. દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે.

વૃશ્ચિક(ન.ય.):- તમારા ખભા પર ઘણી જવાબદારી આવી પડી છે અને નિર્ણય લેવા માટે મગજની સ્પષ્ટતા તમારી માટે મહત્વની સાબિત થશે. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે.

ધન(ભ.ધ.ફ.ઢ.):- ઉત્સાહિત કરનારી તથા તમને નિરાંતવા રાખતી પ્રવૃત્તિઓ સાથે સંકળાઓ. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. સાંજે કોઈ જૂના મિત્રનો કૉલ આવશે અને જૂની યાદો તાજી થશે.

મકર(ખ.જ.):- ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. મિત્રો, ધંધાકીય સાથીઓ તથા સંબંધીઓ સાથે કામ કરતા હો ત્યારે તમારા હિતોનું રક્ષણ કરો- કેમ કે તેઓ તમારી જરૂરિયાતો પ્રત્યે વિચારશીલ નહીં હોય.

કુંભ(ગ.શ.સ.):- સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. નાણાકીય દૃષ્ટિએ આજ નું દિવસ મિશ્ર રહેવાનું છે. આજે તમને ધન લાભ તો થશે પરંતુ તેના માટે તમને સખત મહેનત કરવા ની જરૂર હશે.

મીન(દ.ચ.ઝ.):- તમે ઘણા લાંબા [redacted] ભવી રહ્યા છો એ જીવનના ટેન્શન તથા તણાવમાંથી [redacted] હત મળશે. ટેન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા મ[redacted] વનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. આજે [redacted] અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે [redacted] આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે.

## પ્રાથિમક આરોગ્ય કેન્દ્ર માલવણ ખાતે ૪૫ વર્ષથી વધુ વયના નાગરિકોને કોરોના વેકસીનનો બીજો ડોઝ આપી સુરક્ષિત કરાયા

લુણાવાડા,
કોરોના વાયરસથી સમગ્ર વિશ્વ પ્રભાવિત થયું છે. કોરોના મહામારીને નાથવા માટે ભારત સરકાર અનેકવિધ પ્રયાસો કરી રહી છે. કોરોના સંક્રમણને અટકાવવા અને માનવજીંદગી બચાવવા કોરોના પ્રતિરોધક વેકસીન આપવામાં આવી રહી છે. ત્યારે મહીસાગર જિલ્લામાં પણ કોવિડ-૧૯ રસીકરણ અભિયાનને વેગ આપતા વિવિધ વિસ્તારોમાં આરોગ્ય ટીમ દ્વારા ૪૫ વર્ષથી વધુ વયના લોકોને કોરોના વેક્સિનનું સુરક્ષા કવચ આપવામાં આવી રહયું છે.

પ્રાથિમક આરોગ્ય કેન્દ્ર માલવણ, તાલુકા કડાણા દ્વારા તેમના વિસ્તારના ૪૫ વર્ષથી વધુ વયના નાગરિકોને કોરોના વેકસીનનો બીજો ડોઝ આપી સુરક્ષિત કરવામાં આવ્યા હતા. ત્યારે ૪૫ વર્ષથી વધુ વયના લાભાર્થીઓને પ્રાથિમક આરોગ્ય કેન્દ્ર ખાતેના વેકશીનેશન કેમ્પમાં કોવીશિલ્ડ વેકસીનનો બીજો ડોઝ આપવામાં આવ્યો હતો. વેકસીન લઈ મણીબેન ડામોરે સરકારનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, સરકારે કોરોના મહામારીથી લોકોને બચાવવા માટે વેકસીન આપવામાં આવી રહી છે. લોકોના સ્વાસ્થ્યની ચિંતા કરી આરોગ્ય વિભાગ દ્વારા કોરોનાની વેકસીન નિઃશુલ્ક આપવામાં આવી રહી છે. મને વેકસીન લીધા બાદ કોઈ પણ પ્રકારની આડઅસર થઇ નથી. ભાથીભાઈ ડામોરે જણાવ્યું હતું કે, આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

આવતી કોરોના વેકસીન સંપૂર્ણ સલામત અને સુરક્ષિત છે. જેથી લોકોએ કોરોના વેકસીન લેવાનો આગ્રહ રાખી સરકારના વેકસીન ઝુંબેશમાં સહભાગી થવા આહવાન કર્યું હતું. ત્યારે કંકુબેન ડામોરે સૌને કોરોના વેકસીન સંપૂર્ણ સલામત અને સુરક્ષિત છે તેમ જણાવી સરકારના રસીકરણ અભિયાનમાં સહકાર આપી પોતે સુરક્ષિત થઇ પરીવારને પણ સુરક્ષિત કરવા અપીલ કરી હતી. સાથે સાથે કોરોનાની રસી મુકાવ્યા પછી પણ અમે માસ્ક પહેરવું, સામાજિક અંતર જાળવવું જેવી આરોગ્ય વિભાગની સુચનાનું ચુસ્ત રીતે પાલન કરવું જોઇએ તેમ જણાવ્યું હતું.

કોરોના વેકસીન અભિયાનમાં આરોગ્ય વિભાગના આયુષ મેડીકલ ઓફિસર ડૉ.નિલય આર. કસ્બાતી, કોમ્યુનિટી હેલ્થ ઓફિસર સુરેખાબેન ધમોત તેમજ પ્રાથિમક આરોગ્ય કેન્દ્ર માલવણના ફીમેલ હેલ્થ વર્કર નિકિતાબેન પંચાલ અને આશાબેન નીરૂબેન ખાંટની આરોગ્ય ટીમે ફરજ બજાવી હતી. તમામ લાભાર્થીઓને મહત્ત્વના સંદેશા જેવા કે કોવીડ-૧૯ અનુરૂપ વ્યવહાર રસી લીધા બાદ પણ જાળવી રાખવા માટે સુચના આપી અને રસીકરણ બાદ કોઈ પણ પ્રતિકૂળ ઘટના બને તો તાત્કાલીક પ્રાથિમક આરોગ્ય કેન્દ્ર માલવણના કર્મચારીઓનો સંપર્ક કરવા જણાવ્યું હતું.

## મહીસાગરના ખેડુતો માટે સોલાર લાઈટ ટ્રેપ ઘટક માટે આઈ ખેડુત પોટ્ર્લ ૧૧ મી જૂન સુધી ખુલ્લુ મુકવામાં આવ્યું

લુણાવાડા,
કૃષિ ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગના ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓના વિવિધ ઘટકોમાં સહાય મેળવવા માટે ઓનલાઈન અરજીઓ કરવા માટે https:// ikhedut.gujarat.gov.in પોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે.

મહીસાગર જિલ્લાના ખેડુતોને જણાવવાનું કે ખેતીવાડી ખાતાની ખેડૂતોને સૂર્યપ્રકાશ (ઉર્જા) ટ્રેપ સહાયદરે વિતરણ અંગેની યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન સોલાર લાઈટ ટ્રેપ ઘટક માટે આઇ ખેડુત પોટ્ર્લ તા.૧૧/૦૬/ ૨૦૨૧ સુધી ખુલ્લુ મુકવામાં આવેલ છે. જે પણ ખેડુતમિત્રો ઉપરોક્ત સાધનોનો લાભ લેવા ઓનલાઈન અરજી કરવા આથી જણાવવમાં આવે છે. અરજી કર્યા બાદ સાધનિક કાગળો સહ અરજી ગ્રામસેવક અથવા તાલુકા ખેતીવાડી ઓફીસમાં દિન-૭ માં અરજી આપવાની રહેશે અને વધુ માહિતી માટે ખેતીવાડી ખાતાની કચેરીનો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પંચાયત કચેરી, લુણાવાડા મહીસાગરની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## યુએનજીએના પ્રમુખે કાશ્મીર મુદ્દાને પેલેસ્ટાઇન વિવાદ સાથે જોડ્યો
# પાકિસ્તાને કાશ્મીરનો મુદ્દો સંયુક્ત રાષ્ટ્રમાં વધુ બળથી ઊઠાવવો જોઈએ

યુએન,
યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (યુએનજીએ) નાં પ્રમુખ વોલ્કન બોજકિરે ગુરુવારે કાશ્મીર મુદ્દાને પેલેસ્ટાઈન વિવાદ સાથે સરખાવી અને કહ્યું કે, પાકિસ્તાને કાશ્મીરનો મુદ્દો સંયુક્ત રાષ્ટ્રમાં વધુ બળથી ઉઠાવવો જોઈએ. ઈસ્લામાબાદમાં પાકિસ્તાનનાં વિદેશ પ્રધાન શાહ મહમૂદ કુરેશી સાથેની બેઠક બાદ પત્રકાર પરિષદને સંબોધન કરતાં યુએનજીએ ચીફ વોલ્કન બોજકિરે કહ્યું કે, જમ્મુ-કાશ્મીર વિવાદનાં મુદ્દાને સંયુક્ત રાષ્ટ્રનાં મંચ પર વધુ મજબુતપણે



લાવવો એ પાકિસ્તાનની ફરજ છે. પાકિસ્તાની વેબસાઈટ અનુસાર, પેલેસ્ટાઈનનાં મુદ્દા સાથે કાશ્મીર મુદ્દાની તુલના કરતાં યુએનજીએ પ્રમુખ બોજકિરે કહ્યું હતું કે, કાશ્મીર વિવાદનાં સમાધાન માટે મહાન રાજકીય ઈચ્છાશક્તિનો અભાવ છે. તેમણે કહ્યું, 'મને લાગે છે કે આ પાકિસ્તાનની વિશેષ ફરજ છે.' તેમણે કહ્યું કે તેમને ખાતરી છે કે પેલેસ્ટાઈન મુદ્દો અને કાશ્મીર મુદ્દો એક જ સમયનો છે. તેમણે વધુમાં કહ્યું કે, મેં હંમેશાં તમામ પક્ષોને જમ્મુ-કાશ્મીરની પરિસ્થિતિ બદલવાથી દૂર રહેવાની વિનંતી કરી છે. તેમણે કહ્યું કે, સંયુક્ત રાષ્ટ્રનાં ચાર્ટર અને યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ (યુએનએસસી) નાં પાકિસ્તાન અને ભારત વચ્ચેનાં ઠરાવો હેઠળ, શિમલા કરારમાં સહમત થયા મુજબ સમાધાન શાંતિપૂર્ણ રીતે ઉકેલી દેવો જોઈતો હતો. આપને જણાવી દઈએ કે, બોજકીરનો પરોક્ષ રીતે ઈશારો ભારત દ્વારા ઓગસ્ટ, ૨૦૧૯ માં જમ્મુ-કાશ્મીરને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વહેંચવાના ભારતનાં પગલા તરફ હતો. બોજકીર બુધવારે પાકિસ્તાનનાં વિદેશ પ્રધાન શાહ મહેમૂદ કુરેશીનાં આમંત્રણ પર સત્તાવાર મુલાકાતે ઈસ્લામાબાદ પહોંચ્યા હતા. અહીં, વિદેશ પ્રધાન કુરેશીએ કહ્યું કે, તેમણે રાષ્ટ્રપતિને કાશ્મીરની ''ગંભીર પરિસ્થિતિ'' વિશે માહિતગાર કર્યા હતા અને પેલેસ્ટાઈન અને કાશ્મીર મુદ્દાઓ વચ્ચે સમાનતા તરફ તેનું ધ્યાન દોર્યું હતું. તેમણે લોકોની સામાન્ય માંગણીઓ પર પ્રકાશ પાડતા કહ્યું કે, બંને મુદ્દાઓ દાયકાઓથી યુએનએસસીનાં એજન્ડા પર છે. કુરેશીએ ભારપૂર્વક કહ્યું, 'નોંધ, આ આંતરરાષ્ટ્રીય જવાબદારીઓ છે. સંયુક્ત રાષ્ટ્રએ જવાબદારીની ભૂમિકા ભજવવી જોઈએ જે હજી બાકી છે. કાશ્મીર વિવાદ એક વાસ્તવિકતા છે અને કોઈ પણ તેને નકારી શકે છે અથવા તેને યુએનએસસીનાં એજન્ડાથી દૂર કરી શકે છે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## દાહોદ જીલ્લામાં કોરોનાના કેસમાં ઘટાડો : ૪ કોરોના કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે માત્ર ૦૪ કોરોના પોઝીટીવ કેસો નોંધાતાં જિલ્લામાં હવે કોરોના સંક્રમણના કેસો સંદતર ઘટાડો જોવા મળી રહ્યો છે. આવનાર દિવસોમાં લગભગ દાહોદ જિલ્લો કોરોના મુક્ત થવાની કગારે છે. આર.ટી.પી.સી.આર.ના ૨૧૬૨ પૈકી ૦૧ અને રેપીટ ટેસ્ટના ૭૫૧ પૈકી ૦૩ મળી આજે માત્ર ૦૪ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આ




૦૨, દાહોદ ગ્રામ્યમાંથી ૦૧ અને દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૦૧ કેસનો સમાવેશ થાય છે. આજે કોરોનાથી શુન્ય મૃત્યઆંક છે.

| દાહોદમાં કોરોનાના કેસની સંખ્યા |
|---|
| : અર્બન વિસ્તારો : |
| દાહોદ-૦૨ |
| : ગ્રામ્ય વિસ્તારોમાં : |
| દાહોદ-૦૧ |
| દે.બારીયા-૦૧ |

આજે વધુ ૩૯ દર્દીઓએ કોરોના સામે જંગ જીતતાં એક્ટીવ કેસની સંખ્યા ઘટીને ૨૨૬ ને પાર પહોંચી છે. દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૦૭૧ ને પાર થઈ ગયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દાહોદ જિલ્લાના ગણતરીના તાલુકા સિવાય આજે મોટા ભાગના તાલુકાઓ કોરોના મુક્ત જોવા મળ્યાં હતા. ત્યારે છેલ્લા કેટલાંક દિવસોથી શહેરી વિસ્તાર સાથે સાથે ગ્રામીણ વિસ્તારોમાંથી કોરોના સંક્રમણમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. કોરોના સંક્રમણનું કેર ઓછું થતાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ આંશીક છુટછાટ આપવામાં આવી છે.

## દાહોદ શહેરમાં પટેલ ફાર્મ વિસ્તારમાં દિપડો દેખાતા સ્થાનિકોમાં ફફડાટ વ્યાપ્યો

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ પટેલ ફાર્મ વિસ્તારમાં અવારનવાર દીપડો દેખાતો હોવાની સ્થાનિકોમાં ભારે બૂમો ઉઠવા પામી છે. ત્યારે ગતરોજ પણ આ વિસ્તારમાં દીપડો દેખાયો હોવાના સમાચાર સાથે સ્થાનિકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. ત્યારે સ્થાનિકો દ્વારા દીપડાને ભગાવવા માટે દારૂખાનું ફોડવામાં આવ્યું હતું અને આ વિસ્તારમાં દીપડા ના પંજાના નિશાન પણ મળી આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ જિલ્લો ગ્રામીણ વિસ્તારમાં આવેલો છે અને તેમાંય ગ્રામીણ વિસ્તારમાંથી અને જંગલ વિસ્તારમાંથી દીપડા જેવા પ્રાણીઓ ગામના વિસ્તારમાં ખોરાકની શોધમાં તેમ જ પાણીની શોધમાં આવી પહોંચે છે. ત્યારે દાહોદ શહેરમાં આવેલ પટેલ ફાર્મ હાઉસ નજીક ગતરોજ ફાર્મમાં એક દીપડો ઘૂસી આવ્યો હતો અને કેટલાક પશુઓનું મારણ કરી દીપડો ચાલ્યો ગયો હતો ફાર્મ હાઉસની નજીક એક નદી પણ આવેલી છે કહેવાઈ રહ્યું છે કે, દીપડો આ નદીમાં પાણીની શોધમાં પણ આવે છે અને આસપાસના વિસ્તારોમાં પણ આવી પહોંચે છે અવારનવાર આ વિસ્તારમાં દીપડો દેખાયા હોવાની ચર્ચાઓ સાથે ગત રોજ કેટલાક પશુઓનું આ વિસ્તારમાં દીપડા દ્વારા થતા અને દીપડો વિસ્તારમાં દેખાયો હોવાની ચર્ચાઓ સાથે સ્થાનિકો દ્વારા દીપડાને ભગાવવા માટે દારૂગોળો પણ ફોડયો હતો. જાણવા મળ્યા અનુસાર નદી સુધી પાણી પીધા પછી ફાર્મ હાઉસની અંદર દીવાલ કૂદી દીપડો આવે છે. આ વિસ્તારમાં દિપડાએ દેખા દેતા સ્થાનિકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. ત્યારે જંગલ વિસ્તારના સંલગ્ન અધિકારીઓ દ્વારા આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધરે તો દીપડો પાંજરે પુરાય તેમ છે.

## રેન્જ IGની સરપ્રાઈઝ ચેકીંગથી પોલીસ હરકતમાં માસ્ક વગર ફરતા લોકોને દંડ કર્યા

દાહોદ,

દાહોદ જિલ્લામાં રેન્જ આઈ.જીની સરપ્રાઈઝ ચેકિંગ બાદ દાહોદ જિલ્લામાં પોલીસ હરકતમાં આવી છે અને દાહોદ, લીમડી, લીમખેડા, ઝાલોદની રેન્જ આઈ.જી દ્વારા આકસ્મિક મુલાકાત લેવામાં આવી હતી. ત્યારે એકશનમાં આવેલ સંલગ્ન તાલુકાની પોલીસ દ્વારા માસ્ક વગર ફરતા લોકો,સોશિયલ મશતફિંક્ષભય ન ચલાવતા લોકો તેમજ મોટરસાયકલ પર ત્રિપલ સવારી પર ફરતા વાહનચાલકો વિરૂદ્ધ પોલીસે દંડનીય કાર્યવાહી કરતા લોકોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

કોરોના સંક્રમણ ભલે ઘટયો હોય પરંતુ તેનો પ્રકોપ હજુ પણ યથાવત રહ્યો છે. લોકો માસ્ક પહેરે સોશિયલ ડિસ્ટન્સ જાળવે તેમજ બજારોમાં ભીડભાડ ન કરે તે માટે દાહોદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જાહેર જનતાને અનેકવાર અપીલ પણ કરવામાં આવી હતી, પરંતુ કેટલાક લોકો હજુ પણ કોરોના સંક્રમણ ની ગંભીરતાને ધ્યાનમાં ન લેતા પોલીસે દાહોદ સહિત અન્ય તાલુકામાં એક્શન મોડમાં આવી છે. ત્યારે બીજી તરફ આજરોજ દાહોદ જિલ્લામાં રેન્જ આઈજીએ સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરી હતી. જેમાં દાહોદ લીમડી લીમખેડા અને ઝાલોદની ઓચિંતી મુલાકાત લેવામાં આવી હતી. ત્યારબાદ એકશનમાં આવેલી પોલીસે દાહોદ શહેર સહિત અન્ય તાલુકાની પોલીસે બજારમાં માસ્ક વગર ફરતા લોકો, સોશિયલ ડિસ્ટન્સનું પાલન ન કરતાં લોકો તેમજ બેફામ ત્રિપલ સવારી લઈ પસાર થઈને રહેલા મોટરસાઈકલ ચાલકો વિરૂદ્ધ સ્થળ પર જ દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી.

## આગામી કાર્યક્રમોને લઈ ને ભાજપ ઝાલોદ નગર અને ગ્રામ્યની મીટીંગ યોજાઇ



દાહોદ,

જિલ્લા ભાજપના મહામંત્રી નરેન્દ્રભાઈ સોની એક અખબારી નિવેદનમાં જણાવે છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને દેશની સેવા કરતા ૩૦ તારીખે સાત વર્ષ પૂર્ણ થાય છે. ત્યારે કોરોનાકાળમાં સાત વર્ષના કાર્યની ઉજવણી કાર્યકર્તાઓ બુથ સ્તરે, ગ્રામ્યસ્તરે તાલુકા સ્તરે કોરોના દર્દીઓને, પરિવારને રાશનકીટ, સેનેટાઈઝરનું વિતરણ, માસ્ક નું વિતરણ, ઉકાળાનું વિતરણ કરે તેમજ જરૂર પડે ત્યારે બ્લડ મળી રહે તે માટે બ્લડ ડોનેશન ના કાર્યક્રમો કરવા, મનકી બાત સાંભળવા માટેની યોજના આજરોજ ઝાલોદ ખાતે ભારતીય જનતા પાર્ટીની બેઠકમાં ઘડી કાઢવામાં આવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત જિલ્લા ભાજપના મહામંત્રી નરેન્દ્રભાઈ સોની એ શક્તિ કેન્દ્ર તેમજ વોર્ડ સ્તરે બે કાર્યક્રમો કરવા માટે આહવાન કર્યું હતું. તેમજ આગામી સમયમાં મોટા પાયે રસીકરણ આભિયાન હાથ ધરવા તેમાં સહયોગી થવા પર ભાર મૂકી ગ્રામ્ય સ્તરે વધુમાં વધુ રસીકરણ કરવા પર જાગૃતિ અભિયાન ચલાવવા અપીલ કરી હતી. આ મીટીંગમાં જિલ્લા પંચાયત પ્રમુખ શિતલબેન વાઘેલા, મંડલ પ્રમુખ ટપુભાઇ વસૈયા, મુકેશભાઈ ડામોર, તા.પ.પ્રમુખ રમસુભાઇ, ઉપપ્રમુખ અનિતાબેન, મુકેશભાઈ ભાભોર, જેસિંગભાઈ, દિનેશભાઇ પંચાલ, સમુભાઈ વગેરે સંગઠનના પદાધિકારીઓ, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## ફતેપુરાના પીપલારાની પરણિતાને પતિ અને સાસરીયાએ ત્રાસ આપતાં ફરિયાદ

દાહોદ,

ફતેપુરા તાલુકાના પીપલારા ગામે એક પરણિતાને તેના પતિ તથા એક મહિલા દ્વારા શારીરીક અને માનસીક ત્રાસ આપી અવાર નવાર પરણિતા સાથે ઝઘડો તકરાર કરી અન્ય મહિલા દ્વારા ફોન પણ ધાકધમકીઓ આપી આ સંબંધે પરણિતાએ પતિ સહિત અન્ય એક મહિલા વિરૂધ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ફતેપુરા તાલુકાના પીપલારા ગામે રહેતી અને વ્યવસાયે નર્સની નોકરી કરતી ૩૦ વર્ષીય રૂચીબેન સંજયકુમાર બારીયાએ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યાં અનુસાર, તેનો પતિ સંજયકમાર લાલસીંગભાઈ બારી પરણિતાને અવાર નવાર બેફામ ગાળો બોલી કહેતો હતો કે, તું મને ગમતી નથી, મારે તને રાખવી નથી, મારે બીજા લગ્ન કરવાના છે અને પરણિતાના ચારીત્ર પર શંકા કરી અવાર નવાર પરણિતા સાથે છેલ્લા પાંચ મહિનાથી ઝઘડો તકરાર કરી શારિરીક અને માનસીક ત્રાસ આપતો હતો અને મારી નાંખવાની ધમકી આપતો હતો. આ બાદ તારીખ ૨૭.૦૫.૨૦૨૧ના રોજ પતિ સંજયકુમાર પરણિતાના પીયરમાં આવી આ છોકરો મારો છે, હું તેને લઈ જવાનો છું, તેમ કહી ઝઘડો તકરાર પણ કર્યો હતો. સોનલબેન રણજીતભાઈ ખાંટ (રહે.પાનખંણ, તા.કડાણા, જી.મહીસાગર) ની પણ પરણિતા રૂચીબેનને અવાર નવાર ફોન કરી પતિને છોડી દેવા ધાકધમકીઓ આપતી હતી. આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ પરણિતા રૂચીબેન સંજયકુમાર બારીયાએ પોતાના પતિ તથા અન્ય એક મહિલા વિરૂધ્ધ ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ નગરમાં આગામી ૪ જુન સુધી રાત્રી સંચારબંધી સહિતના નિયમોનું ચુસ્ત પાલન કરવાનું રહેશે

દાહોદ,

કલેક્ટર વિજય ખરાડીએ દાહોદ નગરમાં આંશિક લોકડાઉનમાં છૂટ બાબતે જાહેરનામું બહાર પાડ્યું છે. જાહેરનામા મુજબ સમગ્ર દાહોદ શહેરમાં તા. ૨૮–૫–૨૦૨૧ થી તા. ૪–૬–૨૦૨૧ સુધી રાત્રીના ૯ વાગ્યેથી સવારના ૬ વાગ્યા સુધી રાત્રી કર્ફ્યુ અમલમાં રહેશે. આ રાત્રી કરફ્યુના સમયગાળા દરમિયાન આવશ્યક સેવાઓ ચાલુ રહેશે. ઉપરાંત બિમાર વ્યક્ત, સર્ગભાઓ, અશક્ત વ્યક્તિઓને સારવાર માટે એટેંડેન્ટ સાથે અવરજવરની છૂટ સહિતના નિયમો યથાવત રહેશે. તમામ દુકાનો, વાણીજ્ય સંસ્થાઓ, લારી ગલ્લાઓ, શોપિગ કોમ્પલેક્ષ, માર્કેટીંગ યાર્ડ, હેર કટીગ સલૂન, બ્યુટી પાર્લર તેમજ અન્ય વ્યાપારિક ગતિવિધિ સવારના ૯ થી બપોરના ૩ કલાક સુધી ખુલ્લા રાખી શકાશે. જયારે રેસ્ટોરન્ટસ સવારના ૯ થી રાત્રીનના ૯ સુધી ટેક અવે અને હોમ ડિલીવરીની સુવિધા ચાલુ રાખી શક્શે. આ ઉપરાંત લગ્નમા મહત્તમ ૫૦ વ્યક્તિઓની મંજૂરી રહેશે. અંતિમક્રિયા–દફનવિધિ માટે મહત્તમ ૨૦ વ્યક્તિઓની મંજૂરી સહિતના નિયમો યથાવત રાખવામાં આવ્યા છે. આ જાહેરનામું દાહોદ નગરપાલિકા વિસ્તારમાં તા. ૨૮ મે થી આગામી તા. ૪ જુનના સવારના ૬ વાગ્યા સુધી અમલમાં રહેશે.

## દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણને રોકવા કલેક્ટરએ વિવિધ નિયંત્રણો આગામી ૪ જુન સુધી લંબાવ્યા

દાહોદ,

દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણને અટકાવવા માટે લાગુ કરવામાં આવેલા નિયંત્રણો આગામી તા. ૪ જુન સુધી લંબાવવામાં આવ્યા છે. કલેક્ટર વિજય ખરાડી દ્વારા તા. ૨૮ મે થી લાગુ કરવામાં આવેલા જાહેરનામા મુજબ આ સમયગાળા દરમિયાન શૈક્ષણિક સંસ્થાઓ, કોચિંગ સેન્ટરો, સિનેમા, થિયેટરો, ઓડિટોરિયમ, એસેમ્બલી હોલ, વોટર પાર્ક, જાહેર બગીચાઓ, મનોરંજક સ્થળો, સલુન જીમ, સ્પા, સ્વિમિંગ પુલ બંધ રહેશે.

આ ઉપરાંત લગ્ન પ્રસંગમાં મહત્તમ ૫૦ વ્યક્તિની હાજરીની મંજૂરી તેમજ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર નોંધણી પણ અનિવાર્યપણે કરવાની રહેશે. અંતિમક્રિયા–દફનવિધિમાં મહત્તમ ૨૦ વ્યક્તિઓની મંજૂરી રહેશે. સરકારી, અર્ધસરકારી, બોર્ડ કોર્પોરેશન, બેન્ક, વગેરે તેમજ તમામ પ્રકારની ખાનગી ઓફિસોમાં કર્મચારીઓની સંખ્યા ૫૦ ટકા સુધી રાખવાની રહેશે. આવશ્યક સેવાઓને આ જોગવાઈ લાગુ નહી પડે.



તમામ પ્રકારના રાજકીય, સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક, કાર્યક્રમો, મેળાવડાઓ સદંતર બંધ રહેશે. પ્રેક્ષકોની ઉપસ્થિતિ વગર સ્પોર્ટસ કોમ્પલેક્ષ–સ્ટેડિયમ, સંકુલમાં રમત ગમત ચાલુ રાખી શકાશે. તમામ ધાર્મિક સ્થાનો જાહેર જનતા માટે બંધ રહેશે. દૈનિક પૂજાવિધિ સ્થાનિક પૂજારીએ કરવાની રહેશે. પબ્લિક બસ ટ્રાન્સપોર્ટમાં મહત્તમ ૫૦ ટકા પેસેન્જર કેપેસીટીમાં ચાલુ રહેશે.

અન્ય રાજયમાંથી ગુજરાતમાં પ્રવેશતા મુસાફરોએ આરટીપીસીઆર ટેસ્ટ કરાવવાનો રહેશે. તમામ વ્યક્તિઓએ કોરોના સંબધિત માસ્ક, સામાજિક અંતર સહિતના નિયમોનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

## લીમખેડાના દાભડા ગામે ૧૦ વ્યકિતઓએ મારક હથિયાર વડે બે વ્યકિતને મારમારી ઈજાઓ કરતાં ફરિયાદ

લીમખેડા,

લીમખેડા તાલુકાના ડાભડા ગામે મહિલા સહિત દશ જણાએ ગેરકાયદેસ મંડળી બનાવી પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી અગાઉના ઝઘડાની અદાવત રાખે બે જણાની લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

લીમખેડા તાલુકાના દાભડા, વલુન્ડી અને ચૈડીયા ગામે રહેતાં રાજેશભાઈ નાથુભાઈ ગણાવા, રમીલાબેન નાથુભાઈ ગણાવા, રાજુભાઈ મથુરભાઈ ગણાવા, નાથુભાઈ મથુરભાઈ ગણાવા, લીલાબેન રાજુભાઈ ગણાવા, બાબુભાઈ વીછીયાભાઈ બારીયા, મેનાબેન બાબુભાઈ બારીયા, મહેશભાઈ રામાભાઈ ડામોર, મથુરભાઈ મગનભાઈ તડવી અને લક્ષ્મણભાઈ મગનભાઈ તડવીનાઓએ ગત તા.૨૭મી મેના રોજ ડાભડા ગામે ભગત ફળિયામાં રહેતાં પર્વતભા વરસીંગભાઈ ગણાવાના ઘરે ગેરકાયદે મંડળી બનાવી મારક હથિયારો ધારણ કરી આવ્યાં હતાં અને ખાટલા બાબતે થયેલ ઝઘડાની અદાવત રાખી બેફામ ગાળો બોલી પર્વતભાઈ અને અર્જુનભાઈને લાકડી વડે તથા ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત પર્વતભાઈ વરસીંગભાઈ ગણાવાએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## વડીલો અને દિવ્યાંગ નાગરિકોને ઘર પાસે જ આપવામાં આવશે કોરોના વેક્સિન

ન્યુ દિલ્હી,

કેન્દ્ર સરકારે વડીલો અને દિવ્યાંગ નાગરિકો માટે કોરોના વેક્સિનેશન સરળ બનાવવા ૬૦ વર્ષથી વધારે ઉંમરના નાગરિકો અને દિવ્યાંગો માટે નિયર ટુ હોમ કોવિડ વેક્સિન સેન્ટર અંગે દિશા-નિર્દેશ જાહેર કર્યા છે. કોરોના માટે વેક્સિન પ્રશાસન પર રાષ્ટ્રીય નિષ્ણાત જૂથએ વડીલો અને દિવ્યાંગ નાગરિકો માટે નિયર હોમ કોવિડ વેક્સિનેશન કેન્દ્રના દિશા-નિર્દેશો મુદ્દે કેન્દ્રીય મંત્રાલયની એક તકનીકી નિષ્ણાત સમિતિના પ્રસ્તાવની ભલામણ કરી છે.

એનએચસીવીસી એક સમુદાય આધારીત, લચીલા અને જન-કેન્દ્રિત દૃષ્ટિકોણનું પાલન કરશે જેથી કોરોના વેક્સિનેશન કેન્દ્રોને ઘરની નજીક લાવી શકાય. તકનીકી નિષ્ણાત સમિતિનો ઉદ્દેશ્ય વરિષ્ઠ નાગરિકો અને વિકલાંગ લોકોની શારીરિક સ્થિતિના કારણે આવો નિર્ણય લેવામાં આવ્યો છે.

તેના અંતર્ગત સામુદાયિક કેન્દ્ર આરડબલ્યુએ કેન્દ્ર, ગ્રુપ હાઉસિંગ સોસાયટી સેન્ટર, પંચાયત ઘર, સ્કુલ ભવન વગેરે જગ્યાએ વેક્સિનેશન કેન્દ્ર બનાવવામાં આવશે. ૬૦ વર્ષથી વધારે ઉંમરના તમામ નાગરિકો જેમણે હજુ સુધી કોરોનાની વેક્સિન નથી લીધી અથવા તો બીજો ડોઝ લેવાનો બાકી છે તેઓ અને દિવ્યાંગ નાગરિકો એનએચસીવીસીમાં કોરોના વેક્સિનેશન માટે સામેલ થઈ શકશે. જ્યારે બાકીના લોકોએ વેક્સિન માટે નિયત કેન્દ્રો પર જ જવું પડશે.

## લોકોને રસી જોઈએ છે, સરકારને પોતાની ઈમેજની ચિંતા: રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોનાની ખરાબ થતી સ્થિતિ વિશે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સ કરી છે. તેમણે મોદી સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. રાહુલે કહ્યું છે કે, બીજી લહેર માટે વડાપ્રધાન મોદી જવાબદાર છે. તેઓ કોરોનાને સમજી જ ના શક્યા. દેશમાં જે મૃતક આંક બતાવવામાં આવ્યો છે તે ખોટો છે. સરકારે સાચુ બોલવું જોઈએ. ભારતને દુનિયાની ફાર્મસી તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ મોદી સરકારની કુવ્યવસ્થા અને વેક્સિનમાં કરવામાં આવેલા ગોટાળાના કારણે આજે ભારતીયોનું જીવન જોખમમાં છે. હવે સમયે આવી ગયો છે કે, જુઠ્ઠાણા અને અક્ષમ સરકારના દેખાડાથી આગળ વધીએ. એ વડાપ્રધાન અને સરકાર પાસે જવાબ માંગવો જોઈએ કે જેઓ તેમના કર્તવ્યો ભૂલી ગયા છે અને જનતાને તેમના હાલ પર છોડી દીધી છે.

કોંગ્રેસ નેતાએ કહ્યું છે કે, ઝડપથી વધતાં કોરોના સંક્રમણ વચ્ચે માત્ર વેક્સિન જ બચાવી શકે એમ છે. પરંતુ મોદી સરકારની વેક્સિનેશન સ્ટ્રેટજી કુવ્યવસ્થા અને ભૂલોનું ખતરનાક કોકટેલ બની ગઈ છે. આપણી સરકાર વેક્સિનેશનની યોજના વિશે તેમનું કર્તવ્ય ભૂલી ગઈ



છે. વેક્સિન ખરીદી વિશે પણ સરકાર અજાણ છે. તેમણે જાણી જોઈને ડિજીટલ ડિવાઈસ બનાવ્યું કે જેથી વેક્સિનની સ્પીડ ધીમી પડે. એક જ વેક્સિનની અલગ અલગ કિંમત નક્કી કરવામાં સરકારની મીલીભગત છે.

રાહુલે કહ્યું કે અન્ય દેશોએ મે ૨૦૨૦ માં જ વેક્સિન ખરીદી માટે ઓર્ડર આપવાનું શરૂ કરી દીધું હતું. પરંતુ મોદી સરકારે ભારતને નિષ્ફળ બનાવ્યું છે. તેમણે વેક્સિનનો પ્રથમ ઓર્ડર જાન્યુઆરી ૨૦૨૧માં આપ્યો હતો. જાહેર માહિતી અનુસાર મોદી સરકાર અને રાજ્ય સરકારોએ અત્યાર સુધીમાં ૧૪૦ કરોડની વસ્તી અને ૧૮ વર્ષથી ઉપરના ૯૪.૫૦ કરોડ લોકો માટે અત્યાર સુધીમાં માત્ર ૩૯ કરોડ ડોઝનો ઓર્ડર આપ્યો છે. મોટા દેશોની સરખામણી ભારતમાં સૌથી ઓછી માત્રામાં ખરીદી થઈ છે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના નિવેદન પર ભાજપ પ્રવક્તા સંબિત પાત્રાએ જવાબ આપ્યો છે. સંબિત પાત્રાએ કહ્યું કે, અરવિંદ કેજરીવાલ અને કેટલાક નેતાઓ રોજ સવાલ પૂછે છે, યાદ રાખો એ વેક્સિનનો મામલો છે. કાઉન્ટર મળનારી કોઈ સાધારણ પેરાસિટામોલની ગોળી નથી કે તમે ગયા, ખરીદી લીધી અને ભારત લઈને આવી ગયા. કેન્દ્ર સરકારે ભારતની અંદર વેક્સિન આવે એ માટે કાનૂનોને એપ્રિલથી સરળ બનાવ્યા છે.

## તૌકતે વાવાઝોડાના ૧૧ દિવસ બાદ પણ અમરેલી સહિતના જિલ્લાઓમાં વીજળી ગુલ

અમરેલી,

ગુજરાતમાં તાઉ તે વાવાઝોડાની વિદાયને ૧૧ દિવસ પછી પણ સૌથી પ્રભાવિત જિલ્લા અમરેલી – ગીર-સોમનાથ અને ભાવનગર માં આજે વીજપુરવઠો પુનઃપ્રસ્થાપિત થઈ શક્યો નથી. રાજ્યમાં આવેલા તાઉ તે વાવાઝોડાના કારણે સૌથી વધુ નુક્સાન ઉર્જા વિભાગને થયું છે. જે સૌથી વધારે ૧૫૭૧ કરોડ કરતાં વધુ હોવાની સત્તાવાર માહિતી મળી છે. જ્યારે ૨૭-મેની સ્થિતિએ રાજ્યના ૩૮૦ ગામમાં હજી અંધારપટની સ્થિતિ પ્રવર્તે છે.

ગુજરાતમાં તાઉ તેવાવાઝોડાની સૌથી વધુ અસર સૌરાષ્ટ્રમાં જોવા મળી છે. જેમાં અમરેલી , ગીર-સોમનાથ અને ભાવનગર જિલ્લા સૌથી વધુ પ્રભાવિત થયા છે. તાઉ તે વાવાઝોડાના કારણે થયેલાંનુકસાનમાં સૌથી વધુ નુક્સાન ઉર્જા વિભાગને ૧૫૭૨ કરોડ થયું હોવાની સત્તાવાર માહિતી મંતવ્યન્યૂઝને પ્રાપ્ત થઈ છે. એટલું જ નહીં આજે વાવાઝોડાની વિદાયને ૧૧ દિવસ પછી પણ રાજ્યના ૩૮૦ ગામમાં અંધારપટની સ્થિતિ છે. જેમાં સૌથી વધુ રાજુલા અને જાફરાબાદ તાલુકાના ગામોનો સમાવેશ થાય છે.

ઉર્જાવિભાગ પાસેથી પ્રાપ્ત થયેલી વિગત મુજબ તાઉ તે વાવાઝોડાના પગલે ૨૨૦ કેવીલાઈનના ૨૭૭ ટાવર , ૬૬ કેવી લાઈનના ૭૪ ટાવર , ૩૦૮ ડબલ પોલ સ્ટ્રક્ચર અને ૧૩૨ કે.વી.લિનના ૨ ટાવર ક્ષતિગ્રસ્ત થયા છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 235

તા.૨૯/૦૫/૨૦૨૧
શનિવાર

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## કાલોલના ઘુસર ગોમા નદીના પટમાં

# જીલ્લા કલેકટર, જીલ્લા પોલીસવડા અને ખાણ ખનિજ વિભાગના સંયુક્ત ઓપરેશનમાં ૯૦ લાખનો મુદ્દામાલ ઝડપ્યો



ગોધરા,

કાલોલ તાલુકાના ઘુસર ગોમા નદીના પટમાં ગેરકાયદેસર રેતી ખનન કરતાં માફિયાઓને ઝડપી પાડવા માટે જીલ્લા કલેકટર, પોલીસવડા અને ખાણ-ખનિજ વિભાગની ટીમે સંયુક્ત ઓપરેશન ધરી ૧૨ ટ્રેકટર રેતી ચોરી કરતાં ઝડપી પાડવમાં આવ્યા. પોલીસવડા દ્વારા જીલ્લા કલેકટરની હાજરીમાં રેઈડ કરીને ૧૨ જેટલા રેતીના ટ્રેકટર ઝડપી પાડતા ખનિજ માફિયાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

કાલોલ તાલુકાના ગમો માંથી ગોમા નદી પસાર થાય છે. તેવા ગામોમાં ખનિજ માફિયાઓનો આંતક જોવા મળી રહ્યો છે. ગોમા નદીના પટ માંથી ગેરકાયદેસર રેતી ખનનનું મોટું નેટવર્ક ચાલતું આવ્યું છે. અત્યાર સુધી ગોમા નદી પટમાંથી રેતી ખનનને રોકવા જતી ખાણ-ખનિજ વિભાગની ટીમો ઉપર પણ હુમલાઓના બનાવો અવાર-નવાર સામે આવતા હોય છે. કાલોલ તાલુકાના ઘુસર ગામે ગોમા નદીના પટ માંથી ગેરકાયદેસર રીતે ખનિજ માફિયાઓ દ્વારા રેતી ખનન કરવામાં આવતી હોવાની અનેક ફરિયાદો સામે આવી છે પરંતુ ખનિજ માફિયાઓ દ્વારા એવું નેટવર્ક ઉભું કરવામાં આવ્યું છે કે, ઘુસર ગામના ગોમા નદીના પટમાં કે અન્ય કોઈપણ જગ્યા એ ખનિજ માફિયાઓને ઝડપી પાડવાની કાર્યવાહી થવાની હોય તે પહેલા તેઓને અગાઉ થી જાણ થઈ જતી હોવાથી મોટાભાગની રેઈડ સફળ થતી નથી. કાલોલ ઘુસર ગામે ગોમા નદીના પટ માંથી ગેરકાયદેસર રેતી ખનનને રોકવા અને આવા ખનિજ માફિયાઓને ઝડપી પાડવા માટે જીલ્લા કલેકટરની અધ્યક્ષતામાં ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જીલ્લા પોલીસવડા તેમજ ખાણ-ખનિજ વિભાગની ટીમ સાથે રાખીને સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. ઘુસર ગોમા નદીમાં રેઈડ કરતા પહેલા જીલ્લા પોલીસવડા દ્વારા વેજલપુર પોલીસ મથકના તમામ પોલીસ સ્ટાફના મોબાઈલ ફોન કબ્જે લીધા હતા. બાદમાં, ઘુસર ગામે ગોમા નદીમાં રેઈડ કરવામાં આવી હતી. વહીવટી તંત્ર, પોલીસ વિભાગ અને ખાણ-ખનિજ વિભાગની સંયુકત કામગીરીમાં ૧૨ જેટલા રેતી ભરેલા ટ્રેકટરો મળી ૮૦ લાખ રૂપીયા ઉપરાંતનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો અને આ બાબતે વેજલપુર પોલીસ મથકે ગેરકાયદેસર રીતે રેતી ખનન કરતાં ખનિજ માફિયાઓ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કાલોલના ઘુસર ગામે ગોમા નદીના પટમાં વહીવટી તંત્ર, પોલીસ વિભાગ અને ખાણ-ખનિજ વિભાગે કાર્યવાહી કરીને ૧૨ જેટલા ટ્રેકટર કબ્જે લીધા છે. જેને લઈ કાલોલ તાલુકામાં ગેરકાયદેસર ખનિજનું ખનન કરતાં ખનિજ માફિયાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

- ઘુસર ગામે અવાર-નવાર બચી જતા ખનિજ માફિયાને ઝડપી પાડવા સંયુકત ઓપરેશન ગુપ્ત રખાયું.
- જીલ્લા પોલીસવડાએ વેજલપુર પોલીસના મોબાઈલ ફોન કબ્જે લઈ ખનિજ માફિયા સર્તક ન બને તેનું ધ્યાન રાખ્યું.

### પોલીસવડા એ વેજલપુર પોલીસ મથકના પોલીસ સ્ટાફના મોબાઈલ કબ્જે કરી રેઈડની જાણકારી ન મળે તેનું ધ્યાન રાખ્યું

કાલોલના ઘુસર ગામે ગોમા નદીના પટમાંથી ગેરકાયદેસર રેતી ખનનનો કાળો કારોબાર ફુલો ફાલ્યો છે. રેતી ખનનને રોકવા માટે ખાણ-ખનિજ વિભાગ દ્વારા અનેક વખત રેઈડ કરવામાં આવતી હોય છે પરંતુ રેઈડ પહેલા રેતી ખનન કરતા ખનિજ માફિયાઓ સર્તક થઈ જતા હોવાને લઈ આવી રેઈડ મોટાભાગે કઈ હાથ લાગતું નથી. ખનિજ માફિયાઓને ખાણ-ખનિજ વિભાગ માંથી તેમજ સ્થાનિક પોલીસની મદદ થી અવાર-નવાર બચી જતા હોય છે. આજરોજ જીલ્લા કલેકટરની અદયક્ષતમાં જીલ્લા પોલીસવડા અને ખાણ-ખનિજ વિભાગે સંયુકત ઓપેરશન હાથ ધરવામાં આવ્યું હતું. ઘુસર ગોમ નદીમાં ખનિજ ચોરી ઝડપી પાડતા પહેલા વેજલપુર પોલીસ મથકના પોલીસ સ્ટાફના મોબાઈલ ફોન કબ્જે લેવામાં આવ્યા હતા. બાદમાં રેઈડ કરવામાં આવી હતી. રેઈડ દરમ્યાન રેતી ભરેલ ૧૨ ટ્રેકટર ૯૦ લાખ રૂપીયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આમ, જીલ્લા પોલીસવડાની સર્તકતાને લઈને ઘુસર ગામે રેઈડ કરતાં ૧૨ ટ્રેકટર ઝડપી પાડવામાં સફળતા મળી છે.

# ગોધરાના સામલી ગામે લાખોના ખર્ચે બનેલ પાણીની ટાંકી શોભાના ગાંઠિયા સમાન



ગોધરા,

ગોધરા તાલુકાના સામલી ગામ ખાતે પાણી પુરવઠા વિભાગ ગોધરા દ્વારા સામલી ગામના ગ્રામજનો માટે પાણીની માંગને પહોંચી વળવા આજથી ૧૦ વર્ષ પહેલાં લાખો રૂપિયાના ખર્ચથી બનાવેલી પાણીની ટાંકી આજે પણ શોભાના ગાંઠિયા સમાન નજરે પડે છે. આ પાણીની ટાંકી બનાવવા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય એ હતો કે, સામલી ઉપરાંત અન્ય ગામોના લોકોની પણ પીવાના પાણીની માંગને સંતોષી શકાય અને નર્મદા કેનાલમાંથી જ પાણી આપવાની યોજના હતી. ત્યારે પાણી પુરવઠા વિભાગ દ્વારા પાણીની ટાંકી બનાવી સંપ તેમજ પાઈપલાઈન પણ નાખવામાં આવી. પરંતુ કોઈક કારણોસર આ ટાંકીનો ઉપયોગ કરવામાં કે કરાવવામાં સરકાર અથવા પાણી પુરવઠા વિભાગની ઢીલી નીતિ અને અણઘડ વહીવટ જવાબદાર હોવાનું પ્રતિત થાય છે.ત્યારે આ ટાંકી બનાવનાર કોન્ટ્રાકટર અને એન્જીનયરને તો ફાયદો થયો પણ સામલી તેમજ અન્ય ગામોની ભોળી પ્રજાનું શુ ???

ત્યારે સ્થાનિક લોકોની માંગ છે કે, આ પાણીની ટાંકી વહેલી તકે લોકઉપયોગી બને તે માટે સ્થાનિક પંચાયત ના સરપંચ, તલાટી, સભ્યો તેમજ હાલમાં જ ચૂંટાયેલા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના ડેલીગેટ પણ રસ લે તે જરૂરી છે.

ત્યારે આ અંગે સામલી ગામના રહેવાસી અને વકીલ એન.જી.રાઠોડ જણાવી રહ્યા છે કે, સરકાર દ્વારા લાખો રૂપિયા ખર્ચી પાણીની ટાંકી તો બનાવી પણ આજ દિન સુધી ગ્રામ જનો પીવાના પાણી માટે વલખા મારી રહ્યા છે તે કેટલું વ્યાજબી?? ત્યારે આગામી સમયમાં તેઓ ઉચ્ચ કક્ષાએ પાણીની ટાંકી લોકઉપયોગ માટે શરૂ કરવામાં આવે તે માટે રજુઆત કરશે.

# પંચમહાલ ભાજપ સાંસદ રતનસિંહ રાઠોડ કોરોનાગ્રસ્ત



ગોધરા,

ગુજરાતમાં કોરોનાની બીજી લહેર ખૂબ જ ઘાતક સાબિત થઈ છે. બીજી લહેરમાં અનેક ભાજપ અને કોંગ્રેસના નેતાઓ કોરોનાની ચપેટમાં આવી ચૂક્યા છે. ત્યારે ભાજપના વધુ એક દિગ્ગજ નેતા અને સાંસદ કોરોનાની ચપેટમાં આવી ગયા છે.

પંચમહાલના ભાજપના સાંસદ રતનસિંહ રાઠોડ કોરોનાગ્રસ્ત થયા છે.

રેપીડ ટેસ્ટ પોઝિટિવ આવતા આઈસોલેટ થયા છે. પોતાના સંપર્કમાં આવનાર તમામે પોતાના રિપોર્ટ કરાવવા સોશિયલ મીડિયામાં અપીલ કરી છે. સામાન્ય લક્ષણો જણાતા રેપીડ ટેસ્ટ કરાવ્યો હતો.

# પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણના ૧૪ નવા કેસો નોંધાયા




ગોધરા,

પંચમહાલ જિલ્લામાં આજે કોવિડ-૧૯ સંક્રમણના નવા ૧૪કેસ મળી આવતા સંક્રમણના કુલ કેસની સંખ્યા ૯૪૬૭ થવા પામી છે. આજે ૧૦૯દર્દીઓને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવતા હાલની સ્થિતિએ જિલ્લામાં સક્રિય દર્દીઓની સંખ્યા ઘટીને ૬૦૦થવા પામી છે, જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. નવા મળી આવેલા તમામ કેસો પૈકી ગોધરા શહેરમાંથી ૦૧ અને હાલોલમાંથી ૦૨ કેસ મળી આવ્યા છે. શહેરી વિસ્તારોમાંથી મળી આવેલા કેસોની સંખ્યા ૫૪૭૭ થઈ છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી મળી આવેલા કેસો જોઈએ તો ગોધરાના ગ્રામ્યમાંથી ૦૧ કેસ, હાલોલ ગ્રામ્યમાંથી ૦૧ કેસ, કાલોલ ગ્રામ્યમાંથી ૦૪ કેસ, શહેરા ગ્રામ્યમાંથી ૦૧ કેસ અને ઘોઘંબા ગ્રામ્યમાંથી ૦૪ કેસ મળી આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી મળી આવતા કેસની સંખ્યા ૩૯૯૦થવા પામી છે. સારવાર બાદ સાજા થતા આજે કુલ ૧૦૯ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આ સાથે હોસ્પિટલમાંથી રજા મેળવનાર દર્દીઓની કુલ સંખ્યા ૮૬૮૧ થવા પામી છે. આજે ૪૫ વર્ષથી ઉપરના કુલ ૨૪૬૦વ્યક્તિઓને રસી આપવામાં આવી હતી.

### પંચમહાલ જીલ્લાની આજની કોરોના સ્થિતી

: શહેરી વિસ્તાર :
ગોધરા-૦૧
હાલોલ - ૦૨

: ગ્રામ્ય વિસ્તાર :
ગોધરા - ૦૧
હાલોલ - ૦૧
કાલોલ - ૦૪
ઘોઘંબા - ૦૪
શહેરા - ૦૧

રજા અપાઈ - ૧૦૯

# અમદાવાદના ગાંધીગ્રામ ખાતે રેલવે અને મેટ્રો ટ્રેનના મુસાફરોને જોડતું સ્ટેશન બનશે

અમદાવાદ,

સાબરમતી બોટાદ રેલવે રૂટ પર ગાંધીગ્રામ સ્ટેશન ખાતે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા રેલવે સ્ટેશન તેમજ મેટ્રો સ્ટેશન માટે ઈન્ટિગ્રેટેડ બિલ્ડિંગ તૈયાર કરાઈ રહ્યું છે. જ્યાં બિલ્ડિંગમાં ગ્રાઉન્ડ ફલોર પર રેલવે પ્લેટફોર્મની સાથે પ્રથમ માળે રેલવેની ઓફિસ તેમજ રેસ્ટ રૂમ સહિતની સુવિધા ઉપલબ્ધ થશે. જયારે બીજા માળે મેટ્રોની બુકિંગ ઓફિસ, વેઈટિંગ એરિયા સહિતની સુવિધા તેમજ ત્રીજા માળે મેટ્રો ટ્રેન માટે પ્લેટફોર્મ તૈયાર કરવામાં આવશે. આશ્રમરોડ નજીક ગાંધીગ્રામ ખાતે તૈયાર થઈ રહેલા આ સ્ટેશન શહેરી પેસેન્જરોની સાથે ગ્રામીણ પેસેન્જરોને જોડતું શહેરનું મુખ્ય સ્ટેશન બનશે.

મેટ્રો પ્રોજેકટના પ્રથમ ફેઝમાં એપીએમસીથી મોટેરાનો નોર્થ સાઉથ કોરિડોર ગાંધીગ્રામ સ્ટેશન થઈને પસાર થઈ રહ્યો છે. રેલવે લાઈનની સમાંતર મેટ્રો રૂટ માટે જીએમઆરસી દ્વારા ગાંધીગ્રામ ખાતે રેલવે સ્ટેશનની સાથે મેટ્રો સ્ટેશન પણ તૈયાર કરવામાં આવી રહ્યું છે. સ્ટેશન બહાર ટ્રાફિક જામ ન થાય તે માટે એન્ટ્રી અને એક્ઝિટ વ્યવસ્થા પણ કરાશે.

ટ્રેન દ્વારા ગાંધીગ્રામ સ્ટેશને આવતા પેસેન્જરોને શહેરમાં અન્ય સ્થળે જવા માટે મેટ્રો ટ્રેનની સુવિધા મળી રહેશે. મેટ્રો ટ્રેન પકડવા માટે પેસેન્જરોને પ્લેટફોર્મથી બહાર જવાની જરૂર નહીં પડે. લિફટ તેમજ એસ્કેલેટરની સુવિધા ઉપલબ્ધ કરાવાતા પેસેન્જરો તેની મદદથી પ્લેટફોર્મ પરથી સીધા મેટ્રો સ્ટેશને પહોંચી શકશે.

## શહેરા સરકારી અનાજના ગોડાઉનમાં પ્લાસ્ટિકના ચોખા ના મામલે

# ગાંધીનગરની ટીમે તપાસ હાથ ધરી, ફોર્ટીફાઈડ ચોખા હોવાનું તપાસમાં આવ્યું બહાર




તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા ખાતે આવેલી સસ્તા અનાજની દુકાનમાં આપવામા આવતા ચોખાના જથ્થામાં પ્લાસ્ટિકના ચોખા હોવાના આક્ષેપ સાથે કાર્ડધારક એ પુરવઠા વિભાગમા ફરીયાદ કરતા ચકચાર મચી જવા પામી હતી. જેને લઈને ગાંધીનગરની ટીમ દ્વારા સરકારી અનાજ ગોડાઉનમાં તપાસ હાથધરી હતી. ચોખાના સેમ્પલ લઈને તપાસ કરતા ૫૦ કિલો ચોખાના કટ્ટામાં ૫૦૦ગ્રામ ફોર્ટીફાઈડ ચોખા ઉમેરવામાં આવતા હોય છે. ગાંધીનગરની ટીમ એ ફોર્ટીફાઈડ ચોખા હોવાનું જણાવ્યુ હતું.

શહેરા નગરમાં અર્થક્ષમ સેવા સંસ્થા મંડળીની શાખા નંબર-૩ સસ્તા અનાજની દૂકાન આવેલી છે. જ્યાં રાહત દરે અનાજ આપવામા આવે છે. જ્યાં ચોખાના વિતરણ દરમિયાન ગ્રાહકોએ પ્લાસ્ટિકના ચોખા નીકળતા હોવાની રજુઆત તંત્રને કરતા મામલતદાર દોડી આવ્યા હતા. ચોખાનો ૭૦૦ કિલો જથ્થાને પાછો પુરવઠા ગોડાઉનમા પરત મોકલી દેવામા આવ્યો હતો. જીલ્લા પુરવઠા અધિકારીએ વાતને તથ્ય વિહોણી ગણાવીને ચોખાને ફોર્ટીફાઈડ કરીને ઉમેરવામા આવતાં હોવાનું જણાવ્યું હતું.ચોખાને પોષણક્ષમ બનાવવા માટે ૫૦ કિલો ચોખાના કટ્ટામા ૫૦૦ ગ્રામ ફોર્ટીફાઈડ ચોખા ઉમેરવામા આવે છે. આ મામલે ગાંધીનગરથી ટેક્નિકલ ઓફિસર ફૂડ રિસર્ચ લેબોરેટરીના જી.પી.દરબાર, એચ.એમ. ત્રિવેદી મેનેજર સિવિલ સપ્લાય તેમજ એચ.વી. પટેલ ટેકનીકલ આસિસ્ટન્ટ ફૂડ રિસર્ચ લેબોરેટરી ગાંધીનગરની ટીમ એ શુક્રવારના રોજ તપાસ કરવા સરકારી ગોડાઉન ખાતે આવી પહોંચી હતી. વધુમા ટેક્નિકલ ઓફિસર ફૂડ રિસર્ચ લેબોરેટરીના જી.પી.દરબાર એ પ્લાસ્ટિકના ચોખા નથી. આ ફોર્ટીફાઈડ ચોખા હોવાનું જણાવ્યું હતું. સસ્તા અનાજની દુકાનમાં ફાળવવામાં આવતા ચોખાના કટ્ટામા ૫૦કિલોનો હોય છે, તેમાં ૫૦૦ગ્રામ પોષણ યુક્ત ચોખા ઉમેરવામાં આવે છે. FCI ગોડાઉનમાંથી ફોર્ટીફાઈડ ચોખા પંચમહાલ દાહોદ, છોટાઉદેપુર, મહીસાગર જિલ્લામાં ફાળવવામાં આવ્યા હોવાનું જિલ્લા પુરવઠા અધિકારીએ વધુમાં જણાવ્યું હતું. સસ્તા અનાજની દુકાનોમાં આપવામાં આવેલ ચોખા પ્લાસ્ટિકના નહી પણ ફોર્ટીફાઈડ ચોખા હોવાનું ગાંધીનગર થી આવેલ ટીમની તપાસમાં બહાર આવ્યુ છે.

ફોર્ટિફાઈડ કરાયેલ ચોખાના દાણાનો રંગ અને આકાર સહેજ અલગ હોય છે. જેથી તે સામાન્ય ચોખા કરતા અલગ દેખાઈ આવે છે. ટીમે ગોધરા અને શહેરા ગોડાઉન ખાતેથી નમૂના મેળવી ચકાસણી કરી હતી. સરકાર દ્વારા બાળકોમાં કુપોષણ દૂર થાય અને પોષકતત્વોની ઉણપથી થતા રોગો સામે રક્ષણ મળી રહે છે.

પરીક્ષણ કરાયેલ દરેક સેમ્પલ પરીક્ષણના અંતે સામાન્ય ચોખા જેવા જ રીએક્શન આપ્યા હતા. સઘન પરીક્ષણના અંતે આ ચોખા પ્લાસ્ટિકના ન હોવાનું અને અગાઉ જણાવ્યા અનુસાર ફોર્ટિફાઈડ રાઈસ જ હોવાનું જાહેર કર્યું હતું. ફોર્ટિફાઈડ ચોખાના દાણા વિટામીન બી ૯, બી ૧૨ અને આર્યન એમ ત્રણ માઈક્રો ન્યુટ્રિયન્ટ્સ ઉમેરવામાં આવે છે. આ પોષકતત્વો ધરાવતા ચોખા સાદા ચોખામાં દર ૧૦૦ કિલોએ ૧ કિલો ઉમેરીને લાભાર્થીઓને વિતરિત કરવામાં આવે છે. ફોર્ટિફાઈડ કરાયેલ ચોખાના દાણાનો રંગ અને આકાર સહેજ અલગ હોય છે. જેથી તે સામાન્ય ચોખા કરતા અલગ દેખાઈ આવે છે. ટીમે ગોધરા અને શહેરા ગોડાઉન ખાતેથી નમૂના મેળવી ચકાસણી કરી હતી.

# ગોધરાના બખ્ખર ગામના તાઉ તે વાવાઝોડામાં ઝાડ પડવાથી મહિલાનું મોત થતાં ધારાસભ્યના હસ્તે ૪ લાખનો ચેક અર્પણ કરાયો



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના બખ્ખર ગામે હાલમાં આવેલા તાઉતે વાવાઝોડાને કારણે ઝાડ પડવાથી મહિલા રહીશ કંચનબેન મોહનસિંહ બારીયાનું અકસ્માતે મોત થતા પરિવારજનો આઘાત પામ્યા હતા. ગોધરાના ધારાસભ્ય દ્વારા સી.કે.રાઉલજી દ્વારા રાજ્ય સરકારમાં લાભાર્થીને સત્વરે સહાય ચૂકવવા ભલામણ કરી હતી.આખરે રજુઆતને ધ્યાને લઈને લાભાર્થીના કુટુંબીજનોને રૂપિયા ૪,૦૦,૦૦૦ લાખની રકમની સહાય મંજુર કરી આપવામાં આવી હતી. સહાયનો ધારાસભ્ય સી.કે.રાઉલજીના વરદ્દહસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો. જેમાં અરવિંદસિંહ પરમાર, દંડક જિલ્લા પંચાયત પંચમહાલ, તાલુકા વિકાસ અધિકારી ગોધરા, તાલુકા પંચાયતના સદસ્ય, સરપંચ અને ગ્રામજનો ઉપસ્થીત રહ્યા હતા.